For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

કોન્ટ્રાક્ટરોને નોટિસ આપી અધિકારીઓને બચાવાતા હોવાનો આક્ષેપ



મુખ્ય અધિકારીને બચાવવાનો ખેલ, માત્ર કોન્ટ્રાક્ટરોને નોટિસ આપી ઈતિશ્રી કરાઈ?

સંચાલક નરેન્દ્ર ચૌહાણ અને રવિ પટેલ દ્વારા કચરો ઉઠાવનારાઓ પાસેથી રોજના ૧૫૦૦ થી ૨૦૦૦નો હપ્તો ઉઘરાવાતો હોવાના આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.1

શહેરના મુજમહુડા ખાતે આવેલી ડમ્પિંગ સાઈટ પર એકત્ર થતા કચરામાંથી પ્લાસ્ટિક અને ભંગાર કાઢીને બારોબાર વેચી મારવાનું કૌભાંડ બહાર આવ્યા બાદ હવે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના નેતા પવન ગુપ્તાએ મ્યુનિસિપલ કોર્પોરેશનના તંત્ર અને સોલિડ વેસ્ટ વિભાગના અધિકારીઓની શંકાસ્પદ ભૂમિકા સામે ગંભીર આક્ષેપો કરતાં કોર્પોરેશનમાં ખળભળાટ મચી ગયો છે.

પવન ગુપ્તાના જણાવ્યા અનુસાર, ડમ્પિંગ સાઈટનું સંચાલન કરતા નરેન્દ્ર ચૌહાણ અને તેમની હેઠળ કામ કરતા રવિ પટેલ દ્વારા ડોર ટુ ડોર કચરો એકત્ર કરતા ગરીબ કર્મચારીઓ પાસેથી રોજના રૂ.100 બળજબરીથી ઉઘરાવવામાં આવે છે. 15થી 17 જેટલા કર્મચારીઓ પાસેથી દરરોજ રૂ.1500થી 2000 સુધીની ઉઘરાણી થતી હોવાનો તેમણે આક્ષેપ કર્યો છે. આ સમગ્ર મામલે પોતાની પાસે વીડિયો સહિતના પુરાવા હોવાનો પણ તેમણે દાવો કર્યો છે.

બીજી તરફ, કોંગ્રેસ નેતાએ સોલિડ વેસ્ટ વિભાગના મુખ્ય અધિકારીની કામગીરી સામે પણ સવાલો ઉઠાવ્યા છે. વર્ષોથી એક જ મલાઈદાર વિભાગમાં ફરજ બજાવતા મુખ્ય અધિકારીની બદલી કેમ કરવામાં આવતી નથી અને તેમની સામે કોઈ કાર્યવાહી કેમ થતી નથી તેવા સવાલો તેમણે કર્યા છે. કમિશનર દ્વારા વગદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવતી ન હોવાનો પણ આક્ષેપ કર્યો છે.

કચરા કૌભાંડ બહાર આવ્યા બાદ માત્ર કોન્ટ્રાક્ટરોને નોટિસ ફટકારીને જવાબદારી પૂરી કરવામાં આવી રહી હોવાનો આક્ષેપ કરતાં પવન ગુપ્તાએ જણાવ્યું હતું કે, આટલા મોટા કૌભાંડ અને કથિત ઉઘરાણી પાછળ જવાબદાર અધિકારીઓ સામે હજુ સુધી કોઈ નક્કર પગલાં લેવાયાં નથી. સંચાલક નરેન્દ્ર ચૌહાણ સહિત જવાબદાર લોકો સામે પણ કાર્યવાહી કરવામાં આવી નથી.

કોંગ્રેસ નેતા પવન ગુપ્તાએ માગ કરી છે કે, સમગ્ર કૌભાંડની નિષ્પક્ષ તપાસ કરાવી જવાબદાર મુખ્ય અધિકારી, સંચાલકો અને અન્ય લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે. માત્ર કોન્ટ્રાક્ટરોને નોટિસ આપીને અધિકારીઓને છાવરવાની નીતિ ચલાવી લેવામાં આવશે નહીં.



કચરાના બારોબાર વેચાણથી પાલિકા અને અધિકૃત કોન્ટ્રાક્ટરને આર્થિક નુકસાન

મુજમહુડા ડમ્પીંગ સાઈટ પર કચરાના નિકાલમાં કરોડોના ખેલનો પર્દાફાશ થયો છે. નિયમ મુજબ શહેરમાંથી એકત્ર થતો ડોર ટુ ડોર કચરો ડમ્પીંગ યાર્ડમાં ઠાલવ્યા બાદ તેમાંથી ઓર્ગેનિક વેસ્ટ ખાતર બનાવવા અને પ્લાસ્ટિક રિસાયકલ કરવા માટે નિર્ધારિત કોન્ટ્રાક્ટરોને સોંપવાનો હોય છે. તેના બદલે સાઈટ પરથી જ પ્લાસ્ટિક અને ભંગાર બારોબાર ભંગારિયાઓને વેચી દેવાનું કૌભાંડ ચાલી રહ્યું છે. આ કાળા કારોબારને કારણે એકતરફ મહાનગરપાલિકાને આર્થિક નુકસાન થઈ રહ્યું છે, તો બીજી તરફ અધિકૃત રિસાયક્લિંગ કોન્ટ્રાક્ટરને પણ ભારે સહન કરવાનો વારો આવ્યો છે. તંત્રની રહેમનજર હેઠળ ચાલતા આ ખેલથી મોટું નુકસાન થઈ રહ્યું છે.

રાત્રે ૧૧ વાગ્યે દોડતી કચરાની ગાડીઓ અને ધૂળની ડમરીઓથી નાના બાળકો બીમાર

અટલાદરાના ગોકુલનગરમાં ડમ્પિંગ યાર્ડની બેદરકારી સામે સ્થાનિકોનો ઉગ્ર આક્રોશ

વારંવારની રજૂઆતો છતાં VMC તંત્ર એસી કેબિન માં બેસી રહ્યું છે

(પ્રતિનિધિ) વડોદરા તા.1

સંસ્કારી નગરી વડોદરાના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં આવેલા અટલાદરાના ગોકુલનગર વિસ્તારમાં હાલ નરકાગાર જેવી સ્થિતિ સર્જાઈ છે. અહીં મૂકવામાં આવેલી કચરા પેટી અને નજીકના ડમ્પિંગ યાર્ડના કારણે સ્થાનિક રહીશોનું જીવવું દુષ્કર બની ગયું છે. વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય અને ઘનકચરા વ્યવસ્થાપન વિભાગની ઘોર બેદરકારીના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે જનઆક્રોશ ફાટી નીકળ્યો છે.

ગોકુલનગરના રહીશોના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં કચરાના ઢગલા નિયમિતપણે ઉપાડવામાં આવતા નથી, જેના કારણે અસહ્ય દુર્ગંધ ફેલાય છે. સૌ થી વધુ રોષ એ બાબતનો છે કે મહાનગરપાલિકાની કચરાની ગાડીઓ મોડી રાત્રે ૧૧ વાગ્યાના સુમારે આ વિસ્તારમાં ધસમસતી દોડાવવામાં આવે છે. મોડી રાત્રે ગાડીઓની અવરજવર અને કચરો ખાલી કરતી વખતે ઉડતી ભારે ધૂળ અને રજકણોના કારણે સમગ્ર વાતાવરણ પ્રદૂષિત થઈ જાય છે. રાત્રિના સમયે ઊંઘતા નાના બાળકો અને બુઝુર્ગોના શ્વાસમાં આ ધૂળ અને ગંદકી જવાથી ઘરોમાં બાળકો બીમાર પડી રહ્યા છે. શ્વાસ લેવામાં તકલીફ, ખાંસી અને ત્વચાના રોગોના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો નોંધાયો છે.



સ્થાનિક રહીશોએ અનેક વખત વડોદરા કોર્પોરેશનના વોર્ડ ઓફિસરથી લઈને ઉચ્ચ અધિકારીઓ અને સ્થાનિક કાઉન્સિલરોને રૂબરૂ મળીને લેખિત તથા મૌખિક રજૂઆતો કરી છે. જોકે, સ્થાનિકોનો આક્ષેપ છે કે VMC તંત્ર કાનમાં આંગળા નાખીને બેસી ગયું છે અને પ્રજાની આરોગ્યવિષયક સમસ્યાઓ પ્રત્યે સંપૂર્ણપણે આંખ આડા કાન કરી રહ્યું છે. તંત્રની આ નિષ્ક્રિયતાથી કંટાળીને સ્થાનિક મહિલાઓ અને રહીશોએ એકઠા થઈને તંત્ર સામે ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

સ્થાનિકોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો તુરંત જ રાત્રિના સમયે કચરો ઉપાડવાની કામગીરી બંધ કરી યોગ્ય સમયે વ્યવસ્થા ગોઠવવામાં નહીં આવે અને ડમ્પિંગ યાર્ડ તથા કચરા પેટીઓની યોગ્ય સફાઈ અને સ્થળાંતર અંગે નિર્ણય લેવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં સ્થાનિકો ગાંધીચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરશે અને કોર્પોરેશન કચેરીનો ઘેરાવ કરશે.

મશાલ વિરોધ બાદ તંત્ર હરકતમાં, દિવાળી પહેલા રોડ ઝળહળ્યો

બિલ કેનાલ રોડ અંધારામાંથી અજવાળું આવતા લોકોમાં ખુશીનો માહોલ

સ્થાનિકોએ ફટાકડા ફોડી ઉજવણી કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

વડોદરા શહેરના વોર્ડ નં.12માં આવેલા બિલ કેનાલ રોડ પર છેલ્લા કેટલાય મહિનાઓથી છવાયેલો અંધારપટ આખરે દૂર થયો છે. સ્થાનિકો દ્વારા મશાલ સળગાવી વિરોધ નોંધાવ્યા બાદ મહાનગરપાલિકાનું સ્ટ્રીટલાઈટ તંત્ર હરકતમાં આવ્યું છે અને દિવાળીના તહેવાર ટાણે જ રોડ પર લાઈટો ઝળહળતી કરી દેવાઈ છે.

બિલ કેનાલ રોડ એ વોર્ડ નં.12નો મુખ્ય અને અવર-જવર વાળો માર્ગ છે. છેલ્લા ઘણા સમયથી આ રોડ પર સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં હતી. સાંજ ઢળતાની સાથે જ આખો વિસ્તાર અંધારામાં ગરકાવ થઈ જતો હતો. જેના કારણે સ્થાનિક રહીશો, ખાસ કરીને મહિલાઓ અને વૃદ્ધોમાં ભયનો માહોલ હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, અંધારાનો લાભ લઈને ચોરી, ચેન સ્નેચિંગ જેવા ગુનાઓ વધ્યા હતા. રાત્રિના સમયે અસામાજિક તત્વોનો અડ્ડો જામતો હતો, જેથી લોકો રાત્રે ઘરની બહાર નીકળતા પણ ડરતા હતા. આ અંગે અનેક વખત રજૂઆત કરવા છતાં કોઈ નિરાકરણ ન આવતા આખરે આગેવાન રાકેશ ઠાકોરની આગેવાનીમાં સ્થાનિકોએ થોડા સમય પહેલા મશાલ સળગાવી અનોખો વિરોધ નોંધાવ્યો હતો. આ વિરોધને લઈ તંત્રની આંખ ઉઘડી હતી. વિરોધની ગંભીરતા જોતા સ્ટ્રીટલાઈટ વિભાગે તાત્કાલિક જીઈબી સાથે સંકલન કરી સમારકામ હાથ ધર્યું હતું અને દિવાળી પહેલા જ સમગ્ર રોડ પર લાઈટો ચાલુ કરી દીધી છે. સ્ટ્રીટલાઈટ શરૂ થતા જ સ્થાનિકોમાં ખુશીની લહેર જોવા મળી હતી. રહીશોએ ભેગા મળી ફટાકડા ફોડી ઉજવણી કરી હતી અને મહાનગરપાલિકા તથા સ્ટ્રીટલાઈટ વિભાગનો આભાર માન્યો હતો.



કાર, સ્કૂટર, ઓટોરિક્ષા અને એસ.ટી. બસોની લાંબી લાઈનો

પ્રતાપનગર ત્રણ રસ્તા અને બ્રિજ પર ટ્રાફિક જામ વાહનોની લાંબી કતારો વચ્ચે વાહનચાલકો અટવાયા

પીક અવર્સમાં ટ્રાફિક નિયમન માટે કોઈ ફરક્યું નહીં, સ્થાનિકો અને વાહનચાલકોની કાયમી પોલીસ બંદોબસ્ત ગોઠવવાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧

શહેરના પ્રતાપનગર ત્રણ રસ્તા અને તેની ઉપર આવેલા બ્રિજ પર આજે ટ્રાફિક વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગી હતી, જેના કારણે એક ભયાનક ટ્રાફિક જામ સર્જાયો હતો. બ્રિજથી લઈને મુખ્ય ત્રણ રસ્તા સુધી કાર, સ્કૂટર, ઓટોરિક્ષા અને એસ.ટી. બસોની કિલોમીટરો સુધી લાંબી કતારો લાગી જતાં હજારો વાહનચાલકો અસહ્ય ઉકળાટ અને મુશ્કેલી વચ્ચે કલાકો સુધી ફસાઈ રહ્યા હતા. આ ભીષણ ટ્રાફિકને કારણે રોજના નિયમિત મુસાફરો, સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ અને નોકરીયાતો સમયસર પોતાના સ્થાને પહોંચી શક્યા ન હતા.

આટલી ગંભીર સ્થિતિ સર્જાવા છતાં ટ્રાફિક નિયમન માટે એક પણ પોલીસ જવાન કે હોમગાર્ડ જવાન સ્થળ પર હાજર ન હતો. પોલીસની આ ઉદાસીનતા અને ગાયબ રહેવાની વૃત્તિને કારણે સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોમાં આક્રોશ જોવા મળ્યો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, અહીં રોજ થોડીઘણી સમસ્યા રહે છે પરંતુ આજે તો વ્યવસ્થા સંપૂર્ણ વેરવિખેર થઈ ગઈ હતી છતાં મદદ માટે કોઈ ફરક્યું નહોતું. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નાગરિકો અને સ્થાનિક વેપારીઓ દ્વારા વહીવટી તંત્ર અને ટ્રાફિક પોલીસ વિભાગ સમક્ષ માંગ કરવામાં આવી છે કે, પ્રતાપનગર ત્રણ રસ્તા અને બ્રિજ પર પીક અવર્સ દરમિયાન કાયમી ધોરણે ટ્રાફિક પોલીસની નિયુક્તિ કરવામાં આવે, ગેરકાયદે પાર્કિંગ સામે કડક કાર્યવાહી થાય અને ભવિષ્યમાં આવી હેરાનગતિ ન થાય તે માટે યોગ્ય ટ્રાફિક મેનેજમેન્ટ ગોઠવવામાં આવે.



સાંકરદા ગામ પાસે ટેન્કરે મોપેડને અડફેટે લેતા યુવકનું મોત નીપજ્યું

કોયલી ગામે બહેનને લેવા જતા યુવકને કાળ ભરખી ગયો ,ટેન્કર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

નંદેસરી પોલીસ સ્ટેશનની હદમાં આવતા સાંકરદા ગામ પાસે ટેન્કરે મોપેડને અડફેટે લેતા 25 વર્ષીય યુવકનું કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માતના પગલે સ્થળ પર લોકોના ટોળાં એકત્ર થઈ ગયા હતા. બનાવ અંગે નંદેસરી પોલીસે ટેન્કર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના મોક્ષી ગામના વાળંદ ફળિયામાં રહેતા વેપારી અજયભાઈ રાવજીભાઈ પરમારે ફરિયાદ નોંધાવી છે કે, તેમના માસીના દીકરા દક્ષેશભાઈ પઢીયાર (ઉં.વ.25), રહે. મોક્ષી ગામ નવી નગરી, પોતાની મોપેડ લઈને કોયલી ગામ ખાતે બહેનને લેવા જઈ રહ્યા હતા.

દરમિયાન સાંકરદા ગામ નજીક સાંકરદા-ભાદરવા રોડ પર ઈન્ડિયા-1 એટીએમ સામે ભાદરવા તરફથી પૂરઝડપે આવી રહેલા સફેદ રંગના ટેન્કર ચાલકે ગફલતભરી રીતે ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ટેન્કરના ડાબી બાજુના વચ્ચેના ભાગનો મોપેડ સાથે જોરદાર અકસ્માત થયો હતો. પરિણામે દક્ષેશભાઈ મોપેડ સાથે રોડ પર પટકાયા હતા. આ સમયે ટેન્કરનું પાછળનું ટાયર તેમના માથા પરથી ફરી વળતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે યુવકને બચવાની કોઈ તક મળી નહોતી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવથી પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે. નંદેસરી પોલીસે ટેન્કર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

એક્ટિવા ધીમું ચલાવવાનું કહેતાં યુવકને લોખંડની સ્ટીકથી માર્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

વડોદરાના રાવપુરા વિસ્તારમાં એક્ટિવા બેફામ ચલાવતા ચાલકને ટકોર કરવી યુવકને ભારે પડી હતી. ઉશ્કેરાયેલા ચાલકે લોખંડની સ્ટીક વડે યુવકના માથામાં હુમલો કરતાં ત્રણ ટાંકા આવ્યા હતા. આ મામલે રાવપુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ન્યુ સમા રોડની કાશીધામ સોસાયટીમાં રહેતા વેપારી અરુજનસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણે ફરિયાદ નોંધાવી છે કે, તેઓ રાવપુરા મેઈન રોડ પર હતા ત્યારે યાકુતપુરા વિસ્તારમાં રહેતો અરબાઝ ઐયુબભાઈ મન્સુરી બેફામ રીતે એક્ટિવા ચલાવતો હતો. તેને વાહન યોગ્ય રીતે ચલાવવા ટકોર કરતાં આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળાગાળી કરી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ કાળા રબરના હાથાવાળી લોખંડની સ્ટીકથી ફરિયાદીના માથાના ડાબા ભાગે ફટકો માર્યો હતો. આ ઘટના રાવપુરા પોલીસ ચોકીની ગલીમાં ભાવીન ઉપાધ્યાયના દવાખાના સામે બની હતી.

વાલીઓ-શિક્ષકોની સંયુક્ત બેઠક, મુખ્યમંત્રીને તપાસની માંગ

ભવન્સ વિદ્યાલયનો વિવાદ વકર્યો, ૮૦થી વધુ શિક્ષકોને મેનેજમેન્ટની હેરાનગતિનો આક્ષેપ

શાળાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર જર્જરિત હોવા છતાં ધ્યાન અપાતું નથી, બાળકોની સુરક્ષા સામે જોખમ હોવાનો દાવો

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

વડોદરાના મકરપુરા સ્થિત ભવન્સ વિદ્યાલયનો વિવાદ હવે દિવસેને દિવસે વકરી રહ્યો છે. નવી મેનેજમેન્ટ કમિટી આવ્યા બાદ શાળાનો વહીવટ અસ્થિર થયો હોવાનો અને વિદ્યાર્થીઓને શિક્ષણ આપતા શિક્ષકો જ શાળા પ્રશાસનની હેરાનગતિનો ભોગ બન્યા હોવાનો ગંભીર આક્ષેપ થયો છે.

વડોદરાના લાલબાગ ગાર્ડન ખાતે શિક્ષકગણ, વાલીગણ અને વડોદરા પેરેન્ટ્સ એસોસિએશનની સંયુક્ત બેઠક યોજાઈ હતી. જેમાં ૪૦ થી વધુ શિક્ષકો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં શિક્ષિકાઓએ શાળા તરફથી થતી સતત હેરાનગતિ, માનસિક ત્રાસ અને પ્રિન્સિપાલ કે મેનેજમેન્ટને મળવાની મંજૂરી ન આપવા સહિતના મુદ્દે પેરેન્ટ્સ એસોસિએશન સમક્ષ રજૂઆત કરી હતી. શિક્ષકોના જણાવ્યા મુજબ, નવા મેનેજમેન્ટે શરૂઆતમાં બધું સુધારી દેવાની મોટી વાતો કરી હતી, પરંતુ હવે ઉલટાનું શિક્ષકો અને બાળકોને માનસિક ત્રાસ અપાઈ રહ્યો છે. બીજી તરફ વાલીઓએ પણ શાળાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અત્યંત જર્જરિત હોવા છતાં ધ્યાન ન અપાતું હોવાનો આક્ષેપ કર્યો હતો. ક્યારેક પણ મોટી દુર્ઘટના સર્જાય અને બાળકોની સુરક્ષા સામે જોખમ ઊભું થાય તેવી ભીતિ વ્યક્ત કરી હતી. આ મામલે કેટલાક વાલીઓએ મેનેજમેન્ટને લીગલ નોટિસ પણ પાઠવી હોવાનું બહાર આવ્યું છે. બેઠકમાં વાલીઓએ શિક્ષકોને સહકાર આપવાની બાંહેધરી આપી હતી, જ્યારે વડોદરા પેરેન્ટ્સ એસોસિએશને શિક્ષકોની સત્યની લડાઈમાં સાથ આપવાની જાહેરાત કરી હતી.



વાઘોડિયા રોડ પર CNG રિક્ષા વરસાદી કાંસમાં ખાબકી

પીપળિયા નવી નગરી પાસે ચાલકે કાબૂ ગુમાવતા અકસ્માત, રિક્ષાના આગળના ભાગનો કચ્ચરઘાણ

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વાઘોડિયા-વડોદરા મુખ્ય માર્ગ પર પીપળિયા નજીક નવી નગરી વિસ્તાર પાસે CNG ઓટોરિક્ષા ચાલકે કાબૂ ગુમાવતા રિક્ષા રોડની બાજુમાં આવેલા ઊંડા વરસાદી કાંસમાં ખાબકી હતી. પૂરઝડપે જતી રિક્ષા કાંસમાં ખાબકતાં ભારે નુકસાન થયું હતું. રિક્ષામાં મુસાફરો સવાર હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાથમિક વિગતો મુજબ, રિક્ષાચાલક પૂરઝડપે વાહન હંકારી રહ્યો હતો. દરમિયાન અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં રિક્ષા સીધી વરસાદી કાંસમાં ખાબકી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે રિક્ષાના આગળનાં વ્હીલ અને બોડીનો કચ્ચરઘાણ બોલી ગયો હતો. રિક્ષામાં સવાર મુસાફરોને ઈજાઓ પહોંચી હોવાની આશંકા છે. જોકે, ઈજાગ્રસ્તોની સંખ્યા અને તેમની સ્થિતિ અંગે સત્તાવાર વિગતો સામે આવી નથી.

અકસ્માતનો અવાજ સાંભળીને આસપાસના રહીશો અને લોકો દોડી આવ્યા હતા અને બચાવ કામગીરીમાં મદદ કરી હતી. અકસ્માતને પગલે વાઘોડિયા રોડ પર વાહનચાલકોમાં ચિંતા ફેલાઈ છે. આ માર્ગ પર અવારનવાર અકસ્માતો સર્જાતા હોવાથી સ્થાનિકોએ ઓવરસ્પીડ વાહનચાલકો સામે ટ્રાફિક પોલીસ અને વહીવટી તંત્ર કડક કાર્યવાહી કરે તેવી માગ કરી છે.



વડોદરામાં વાવની સફાઈના નામે વાહવાહી લૂંટતી પાલિકા

સરસિયા તળાવ અને રામજી મંદિર પાસેનો પૌરાણિક કૂવો દુર્દશાના આરે

એક સમયે શુદ્ધ જળ આપતો કૂવો આજે દલદલમાં ફેરવાયો

ખુલ્લા કૂવામાં બાળકો કે સ્થાનિક રાહદારીઓને ખાબકવાનો ભય

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરની જૂની ઐતિહાસિક વાવની સફાઈ કરાવી પ્રચાર કરવામાં આવી રહ્યો છે, ત્યારે બીજી તરફ શહેરની અનેક ઐતિહાસિક ધરોહરો ઉપેક્ષાનો ભોગ બની રહી છે. સરસિયા તળાવ નજીક રામજી મંદિર પાસે આવેલો અંદાજે 300થી 400 વર્ષ જૂનો ઐતિહાસિક કૂવો આજે ગંદકી, કચરા અને દલદલથી ઘેરાઈ ગયો છે. પાલિકાની આ બેદરકારી સામે સ્થાનિકોમાં નારાજગી જોવા મળી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, ગાયકવાડ શાસનકાળનો આ કૂવો એક સમયે સમગ્ર વિસ્તારના લોકો માટે પીવાના પાણીનો મુખ્ય સ્ત્રોત હતો. કૂવાનું પાણી શુદ્ધ અને પીવાલાયક હોવાથી લોકો અહીંથી પાણી ભરવા આવતા હતા. જોકે, સમય જતાં તેની જાળવણીના અભાવે કૂવાની હાલત દયનીય બની છે. યોગ્ય સફાઈ અને ડીપ બોરિંગ કરવામાં આવે તો કૂવાનો ઉપયોગ ફરી શક્ય બની શકે તેમ હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવતી નથી.

આસપાસની જમીનનું સ્તર ઊંચું આવતાં કૂવાની દીવાલો નીચી થઈ ગઈ છે અને કૂવો ખુલ્લો પડી ગયો છે. પરિણામે અહીંથી પસાર થતા રાહદારીઓ અને રમતાં બાળકો કૂવામાં ખાબકે તેવી શક્યતા છે. કૂવામાં ગંદકી અને દલદલ હોવાને કારણે જોખમ વધુ વધી ગયું છે. કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં તંત્ર પગલાં ભરે તેવી સ્થાનિકોની માગ છે.

નાગરિકોએ કમિશનરને રજૂઆત કરી છે કે માત્ર વાવની સફાઈ અને ફોટો સેશન પૂરતું ધ્યાન ન આપતાં અન્ય ઐતિહાસિક સ્થળોની પણ જાળવણી કરવામાં આવે. સરસિયા તળાવના કૂવાની સફાઈ કરાવી તેને સુરક્ષિત રીતે ઢાંકવામાં આવે અથવા તેની દીવાલો ઊંચી કરવામાં આવે, જેથી ઐતિહાસિક વારસાનું જતન થાય અને સંભવિત અકસ્માત ટાળી શકાય.

સમા ઉમિયાનગર શાકમાર્કેટ પાસે જુના ઝઘડામાં સામસામે મારામારી

ભાઈઓ વચ્ચેની અદાવતમાં ગડદા-પાટુનો માર, પોલીસે બંને પક્ષે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

વડોદરાના સમા વિસ્તારમાં આવેલા ઉમિયાનગર શાકમાર્કેટ બહાર જૂના ઝઘડાની અદાવતમાં બે પક્ષો વચ્ચે સામસામે મારામારી થતાં પોલીસમાં સામસામે ફરિયાદ નોંધાઈ છે. બંને પક્ષોએ એકબીજા પર હુમલો કરી માર મારવા અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાના આક્ષેપ કર્યા છે.

ન્યુ સમા રોડના વિજયનગર, પ્રાગજીનગરમાં રહેતા ડ્રાઇવર સતિષ કનૈયા તુરક (ઉં.વ.30)એ ફરિયાદ નોંધાવી છે કે, તેઓ ઉમિયાનગર શાકમાર્કેટ બહાર હતા ત્યારે તેમના ભાઈ વીકી અને સામા પક્ષના સચીન વચ્ચેના જૂના ઝઘડાની અદાવત રાખી સચીન ઉર્ફે સંદીપ લાલબહાદુર ત્યાં આવ્યો હતો. તેણે ગાળાગાળી કરી સતિષ અને તેના ભાઈ વીકીને ગડદાપાટુનો માર માર્યો હતો. દરમિયાન ઝપાઝપીમાં વચ્ચે પડેલી સતિષની બહેનને કાનમાં ઈજા પહોંચી હતી. બીજી તરફ, ચાણક્યપુરી રોડ, અંબિકાનગર પાસે રહેતા વેપારી સચીન ઈશ્વરલાલ બીન (ઉં.વ.20)એ પણ સામા પક્ષ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. તેના જણાવ્યા મુજબ, જૂના ઝઘડાની અદાવતમાં સતિષ, વીકી અને સુપ્રિયા ઉર્ફે લક્ષ્મી ત્રણેય ભેગા મળી ગાળાગાળી કરી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ ત્રણેયે એકસંપ થઈ સચીન, તેના ભાઈ સંદીપ અને જીજાજી લાલબહાદુરને ગડદાપાટુનો માર મારી ધમકી આપી હતી. બંને પક્ષો વચ્ચે થયેલી મારામારીના પગલે શાકમાર્કેટ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બનાવ અંગે સમા પોલીસે બંને પક્ષોની સામસામી ફરિયાદના આધારે મારામારી અને ધમકીના ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રણોલી ગામે ઉછીના આપેલા ૨૦ હજારની ઉઘરાણી બાબતે ઘર્ષણ: મકાનમાં તોડફોડ

મહિલા અને પરિવાર પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાના આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

વડોદરાના રણોલી ગામે જૂના મહાદેવ વિસ્તારમાં પાણીની ટાંકી પાસે ગઈકાલે સાંજે પૈસાની લેતી-દેતીના મામલાને લઈને ઉગ્ર બોલાચાલી બાદ હુમલો કરવામાં આવ્યો હતો તેમજ મકાનમાં તોડફોડ કરી નુકસાન પહોચાડ્યું હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, જીએસીએલ કંપનીમાં નોકરી કરતા મીઠાભાઈ ભરવાડ એ છ મહિના પહેલાં ચિરાગભાઈ વાદીને ઉછીના રૂપિયા 20 હજાર આપ્યા હતા. આ રકમ પરત માંગવા બાબતે ચિરાગભાઈ સાથે બોલાચાલી થઈ હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, વાતચીત દરમિયાન ઉશ્કેરાઈને ચિરાગભાઈએ પોતાના હાથમાં રહેલા કડાથી તેઓના માથાના જમણા ભાગે ઘા માર્યો હતો, જેના કારણે ગંભીર ઈજા પહોંચી હતી અને લોહી વહેવા લાગ્યું હતું. એટલું જ નહીં, આરોપીઓ દ્વારા આજ પછી મારી જોડે પૈસા માંગ્યા તો તને જીવથી મારી નાખીશ તેવી ધમકી પણ આપવામાં આવી હતી. આ મામલે ચાલીસથી વધુ જેટલા લોકોનું ટોળું ઘરમાં ઘૂસી આવ્યું હતું અને તોડફોડ કરી હતી. પીડિત મહિલા જયાયાબેને આક્ષેપ કર્યો છે કે, ટોળાએ ઘરમાં ઘૂસીને તોડફોડ કરી અને પરિવારના સભ્યોને બેરહેમીથી માર માર્યો હતો. આ બનાવ અંગે જવાહરનગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે.

